**મહેમદાવાદ પાલિકાના સત્તાપક્ષના સભ્યો જ પ્રમુખ અને ચીફ ઓફિસરની 'આપખુદશાહી' સામે પડ્યાં**

# મહેમદાવાદ પાલિકામાં ભડકો : પ્રમુખ સામે ભાજપના જ 20 સભ્યનો બળવો

### સાધારણ સભામાં ભારે હોબાળા બાદ સામૂહિક વોકઆઉટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.27

મહેમદાવાદ નગરપાલિકામાં વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો છે. શુક્રવારે સાધારણ સભામાં શાસક પક્ષ ભાજપના જ 20 કાઉન્સિલરોએ પ્રમુખ પ્રશાંત પટેલ અને ચીફ ઓફિસર કૈલાશબેન પ્રજાપતિની કાર્યપદ્ધતિ સામે મોરચો માંડી સભાનો બહિષ્કાર કર્યો હતો. તેઓએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટાયેલા પ્રતિનિધિની કોઈ કિંમત રહી નથી. માત્ર પોતાની મરજી મુજબ વહીવટ ચલાવે છે.



આ સભા દરમિયાન એજન્ડા બાબતે ભારે નારાજગી જોવા મળી હતી. સભ્યોના મતે, જૂના મંજૂર થયેલા કામો ખોરંભે પડ્યા હોવા છતાં નવા કામોના એજન્ડા લાવીને સભ્યોની આંખમાં ધૂળ નાખવામાં આવી રહી છે. આ ઉપરાંત, કર્મચારીઓ દ્વારા સભ્યો સાથે કરાતું ઉદ્ધત વર્તન અને વિકાસના કામોમાં કરાતી અવગણનાને મુદ્દે હંગામો થતા 20 જેટલા સભ્યોએ પ્રોસીડિંગ પર સહી કરવાનો ઈનકાર કરી વોકઆઉટ કર્યો હતો.

**કારોબારી ચેરમેનનું અપમાન કરાયાનો આક્ષેપ**

મહેમદાવાદ પાલિકામાં કારોબારી ચેરમેન જેવા મહત્વના હોદ્દાની પણ કોઈ વેલ્યુ નથી તેવું નિવેદન ચીફ ઓફિસર દ્વારા કરાયું હોવાનો સભ્યોએ આક્ષેપ કર્યો છે. જવાબદાર હોદ્દેદારોનું માન ન જળવાતું હોવાથી સભ્યોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ સભામાં જ્યારે 5.5 કરોડના બાકી વીજ બિલનો મુદ્દો ઉછળ્યો ત્યારે પ્રમુખ અને ચીફ ઓફિસરે એવી શરત મૂકી હતી કે જે વિસ્તારમાં વેરો ભરાશે ત્યાં જ સફાઈ કે ગટરના કામો થશે. સભ્યોએ આ નીતિને લોકશાહી વિરોધી અને અન્યાયી ગણાવી હતી. તંત્ર દ્વારા મરણના દાખલા જેવી સંવેદનશીલ બાબતોમાં પણ વેરાની ઉઘરાણી કરી જનતાને હેરાન કરવામાં આવતી હોવાની વિગતો બહાર આવી છે.

આ સમગ્ર વિવાદ અંગે પ્રમુખ પ્રશાંત પટેલ અને ચીફ ઓફિસર કૈલાશબેન પ્રજાપતિનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં તેમણે ફોન રિસીવ કરવાનું ટાળ્યું હતું. જોકે, આ ઘટના બાદ ઉચ્ચ કક્ષાએથી પ્રમુખ સામે લાલ આંખ કરાઈ હોવાના સંકેતો મળી રહ્યા છે.

## નડિયાદની પીપલગ ચોકડી પાસે રિયા પાર્ટી પ્લોટમાં ભીષણ આગ






નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા પીપલગ ચોકડી વિસ્તારમાં આવેલા રિયા પાર્ટી પ્લોટના હોલમાં શુક્રવારે બપોરે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. હોલની અંદર મોટા પ્રમાણમાં પૂંઠા અને અન્ય જ્વલનશીલ ચીજવસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની જ્વાળાઓ એટલી તીવ્ર હતી કે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી આકાશમાં જોવા મળ્યા હતા, જેને પગલે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ બનાવની ગંભીરતાને જોઈ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ બે ફાયર ફાઇટર સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# બાકોરમાં નાણાં ભર્યા બાદ તંત્રે મીટર નથી કહી હાથ અધ્ધર કર્યાં

### સાંપડિયાના ખેડૂતે ચાર્જ ભર્યો હોવા છતાં મહિનાઓથી મીટર બદલાયું નથી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

લુણાવાડા સ્થિત મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડના બાકોર સબ ડિવિઝનમાં વહીવટી શિથિલતા અને બેદરકારીનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ખેતીવાડી કનેક્શનના બળી ગયેલા મીટર બદલવા માટે નાણાં ભરી દીધા હોવા છતાં, ખેડૂતોને મહિનાઓ સુધી કચેરીના ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. જાણે 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

મહી નદીના કિનારે સાંપડિયા ગામે રહેતા ખેડૂત રજનીભાઈ પટેલના ખેતીવાડી વીજ જોડાણનું મીટર બળી ગયું હતું. આ અંગે તેમણે ગત 10મી ફેબ્રુઆરીના રોજ બાકોર સબ ડિવિઝન કચેરી ખાતે રૂબરૂ જઈને મીટર ચાર્જ પેટે રૂપિયા અઢી હજારની પૂરેપૂરી રકમ ભરી દીધી હતી અને મીટર બદલવા માટે લેખિત અરજી પણ આપી હતી. જોકે, નાણાં ભર્યાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી.

આ અંગે ખેડૂતના જણાવ્યા અનુસાર, જ્યારે જુનિયર એન્જિનિયર (JE) સાથે વાત કરવામાં આવી, ત્યારે તેમણે મીટર ઉપલબ્ધ નથી તેવું કહીને જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધા હતા. નવાઈની વાત તો એ છે કે, નવું મીટર આપવાને બદલે ખેડૂતને લાઈન 'ડાયરેક્ટ' કરી દેવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે.

એક તરફ સરકાર ખેડૂતોને પૂરતી વીજળી અને સુવિધા આપવાના દાવા કરે છે, ત્યારે બીજી તરફ MGVCLના અધિકારીઓની આવી બેદરકારીને કારણે સામાન્ય ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. રજનીભાઈ પટેલ જેવા અનેક ખેડૂતો સવાલ કરી રહ્યા છે કે જો મોટી રકમ ભર્યા પછી પણ મીટર ન મળતું હોય, તો ન્યાય માટે જવું ક્યાં?. જો વહેલી તકે મીટર લગાડવામાં નહીં આવે, તો સ્થાનિક ખેડૂતો દ્વારા આ મામલે ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાની તૈયારી બતાવવામાં આવી છે.

# લુણાવાડામાં 9મી માર્ચે ભરતી મેળો યોજાશે

### મોટા સોનેલા ખાતે ભરતી મેળામાં 10 પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો ભાગ લઇ શકશે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

મહિસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી 9મી માર્ચ,2026ના રોજ સવારે 10 કલાકે લુણાવાડાના મોટા સોનેલા સ્થિત ડો. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં ધોરણ 10 અને 12 પાસ, ડિપ્લોમા, આઈ.ટી.આઈ તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા 18 થી 35 વર્ષની વય મર્યાદાના અનુભવી તેમજ બિન-અનુભવી તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે. ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ દ્વારા ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે સ્થળ પર જ ઈન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરીને પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત, શિબિર દરમિયાન ઉમેદવારોને સ્વરોજગારલક્ષી વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ અંગેનું જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. વધુ વિગતો કે મૂંઝવણ માટે ઉમેદવારોએ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, રૂમ નંબર 222, 223, લુણાવાડા ખાતે રૂબરૂ સંપર્ક કરવો અથવા કચેરીના હેલ્પલાઈન નંબર (02674) 250 306 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મહિસાગરના 'નલસેજલ' કૌભાંડમાં વાસ્મોના એકાઉન્ટન્ટની ધરપકડ

### ધરપકડનો આંકડો 19 પર પહોંચ્યો; હજુ 99 ઇજારદારો અને 7 કર્મચારીઓ ધરપકડથી દૂર

(પ્રતિનિધિ) સંતરામપુર તા.27

મહિસાગર જિલ્લામાં પ્રધાનમંત્રીના સ્વપ્ન સમાન 'નલ સે જલ' યોજનામાં આચરવામાં આવેલા રૂ. 123 કરોડથી વધુના મહાકૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે મોટી કાર્યવાહી કરી છે. આ તપાસ દરમિયાન વાસ્મો યુનિટ ગોધરાના એકાઉન્ટન્ટ વૈભવકુમાર બાબુલાલ સેંગાણીની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. આ સાથે જ આ કૌભાંડમાં જેલના સળિયા પાછળ ગયેલા આરોપીઓની કુલ સંખ્યા 19 પર પહોંચી છે.

**સીઆઈડીની ઢીલી નીતિ સામે સવાલો !**

**વાસ્મોના** યુનિટ મેનેજર ગિરીશ અગોલા દ્વારા 22મી જૂને ફરિયાદ નોંધાવ્યાના આઠ મહિના બાદ પણ તપાસની ગતિ ધીમી હોવાની ચર્ચા છે. કુલ 111 ઇજારદારોમાંથી માત્ર 12 જ પકડાયા છે, જ્યારે 99 કોન્ટ્રાક્ટરો હજુ પણ ફરાર છે. તેવી જ રીતે 12 તત્કાલીન કર્મચારીઓમાંથી માત્ર 5ની ધરપકડ થઈ છે અને 7 હજુ પોલીસ પકડથી બહાર છે.

પ્રાથમિક તપાસ મુજબ, એકાઉન્ટન્ટ વૈભવકુમાર અને તત્કાલીન યુનિટ મેનેજરની સહીઓથી જ ભ્રષ્ટાચારીઓને કરોડોની ચૂકવણી કરવામાં આવતી હતી. આ અધિકારીઓએ પાણી સમિતિના નામે ચેક બનાવીને સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડ્યું હોવાના પુરાવા મળ્યા છે. સીઆઈડીને હવે એવા દસ્તાવેજો હાથ લાગવાની શક્યતા છે, જેમાં કોને કેટલું 'કમિશન' મળ્યું તેની વિગતો બહાર આવી શકે છે. આ કૌભાંડમાં જિલ્લાના 620 પૈકી 467 ગામોમાં પાઈપ ખરીદીના બોગસ ઈન્વોઈસ બનાવીને ઉચાપત કરવામાં આવી હતી. આશ્ચર્યજનક રીતે, GIRDA ના 300 થી વધુ નકલી ટેસ્ટિંગ રિપોર્ટ બનાવીને ગુણવત્તા વગરના કામોને મંજૂરી અપાઈ હતી અને અધિકારીઓની બોગસ સહીઓ કરીને નાણાં હડપ કરવામાં આવ્યા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ગળતેશ્વરના કુણી ગામે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ એક્સ-રે કેમ્પ યોજાયો

**ગળતેશ્વર |** ગળતેશ્વર તાલુકાના કુણી ગામે પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આયુષ્માન આરોગ્ય મંદિર અને પીએચસી પરબિયા દ્વારા એક્સ-રે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લા ક્ષય કેન્દ્રના સહયોગથી આવેલી ખાસ એક્સ-રે વાન દ્વારા કુલ 157 જેટલા લોકોના નિ:શુલ્ક એક્સ-રે પાડીને તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં મુખ્યત્વે 60 વર્ષથી વધુ વયના વૃદ્ધો, ડાયાબિટીસના દર્દીઓ, વ્યસનીઓ અને ટીબી દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું પરીક્ષણ કરાયું હતું. આ પ્રસંગે મેડિકલ ઓફિસર, એસટીએસ, આરોગ્ય સ્ટાફ અને આશા બહેનોએ હાજર રહ્યાં હતાં.



### આણંદ જિલ્લા પેન્શનર મંડળનો ત્રિદશાબ્દિ મહોત્સવ નિમિત્તે વડીલોનું સન્માન કરાયુ



**આણંદ |** જિલ્લા પેન્શનર મંડળનો ત્રિદશાબ્દિ મહોત્સવમાં બ્રહ્માકુમારી જાગૃતિબેનના હસ્તે 'પેન્શનરોનો પમરાટ' સ્મરણિકાનું વિમોચન અને વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડો. નવીનચંદ્ર ત્રિવેદી સહિતના મહાનુભાવોએ હાજર રહી સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે સ્મૃતિભેટ એનાયત કરાઈ હતી. બ્રહ્માકુમારીઝના સહયોગથી આયોજિત કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ શાહે ને આભારવિધિ ઉપપ્રમુખ ઘનશ્યામસિંહે કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજના બ્રહ્મ અગ્રણીના પુત્રના જનોઈ પ્રસંગે બોલીવુડ કલાકારોએ જમાવટ કરી

**કપડવંજ |** કપડવંજ ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પ્રદેશ ઉપપ્રમુખ તન્મય રાવલના પુત્ર ધ્યાનમનો જનોઈ સંસ્કાર મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે બોલીવુડના જાણીતા અભિનેતા અને અભિનેત્રીઓએ વિશેષ હાજરી આપી પોતાના સ્ટેજ પરફોર્મન્સથી ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં લવાલથી પધારેલા મહિપતસિંહ ચૌહાણે બટુકને આશીર્વાદ પાઠવી ઉપસ્થિત જનમેદનીને માતા-પિતાની સેવા કરવા અનુરોધ કર્યો હતો. બે દિવસીય આ ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવમાં અગ્રણીઓ અને સ્નેહીજનોએ મોટી સંખ્યામાં હાજર રહી સુરુચિ ભોજન સાથે પ્રસંગની પૂર્ણાહુતિ કરી હતી.



### શક્તિશાળી ક્રિકેટ એન્થમ, રંગોમાં રંગાયુ ભારત: સુનિધિ ચૌહાણ અને વિશાલ દાદલાનીના સ્વરમાં સંગીતમય શ્રદ્ધાંજલિ

**વડોદરા |** ભારતમાં ક્રિકેટ માત્ર રમત નથી, પરંતુ ગૌરવ, આશા અને ઉત્સાહની સંયુક્ત લાગણી છે, જે સમગ્ર દેશને એક સૂત્રમાં બાંધે છે. આ જ ભાવનાને ઉજાગર કરવા એશિયન પેઇન્ટ્સે 'રંગ દે ઈન્ડિયા' (ક્રિકેટ એન્થમ) લોન્ચ કર્યો છે. એક શક્તિશાળી સંગીતમય અભિવ્યક્તિ, જે ક્રિકેટ દ્વારા ઘરોમાં ભરાતા રંગો, લાગણીઓ અને એકતાની ઉજવણી કરે છે. લિવિંગ રૂમ મિની સ્ટેડિયમમાં બદલાઈ જાય, બાલ્કનીઓ જયકારોથી ગુંજી ઊઠે–આ એન્થમ મેચ ડેની ખુશી અને જુસ્સાને જીવંત રીતે રજૂ કરે છે. વિવિધ પ્રદેશો, ભાષાઓ અને પેઢીઓના ચાહકોને એક સાથે જોડતી ક્રિકેટ ભાવનાને આ ગીત રંગીન સ્વરૂપ આપે છે. ભારતના ઓફિશિયલ કલર પાર્ટનર ઓફ ઇન્ડિયા હોમ ક્રિકેટ તરીકે, એશિયન પેઇન્ટ્સે BCCI સાથેની ભાગીદારી દ્વારા રમત સાથેનો સંબંધ વધુ મજબૂત કર્યો છે. સમિર ઉદ્દીન દ્વારા રચાયેલ અને સુનિધિ ચૌહાણ તથા વિશાલ દાદલાનીના ઊર્જાસભર સ્વરોમાં ગાયેલ આ એન્થમ ચાહકો માટે અનુભવવાનું સંગીત છે. આ અભિયાન ક્રિકેટની આત્માને ઉજવે છે.

### કપડવંજ તાલુકાના ભુંગળિયા ગામે ભવ્ય 'વિરાટ હિન્દુ સંમેલન' યોજાયું

**કપડવંજ |** તાલુકાના ભુંગળિયા ગામે હિન્દુ સમાજ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આયોજિત 'વિરાટ હિન્દુ સંમેલન'માં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે વિવિધ મંદિરોના પૂજ્ય સંતો, સામાજિક-શૈક્ષણિક અગ્રણીઓ અને આર.એસ.એસ.ના નડિયાદ વિભાગના કોલેજી પ્રમુખ કાર્તિકભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓ દ્વારા હિન્દુ એકતા, સંગઠિત સમાજ અને આપણી પ્રાચીન પરંપરાઓના જતન વિશે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ખાસ કરીને 'પંચ પરિવર્તન'ના વિષય પર ભાર મૂકીને હિન્દુ સંમેલનની ઉજવણી કરવામાં આવી હતી.



### આણંદ જિલ્લા ભાજપ દ્વારા નવનિયુક્ત હોદ્દેદારોની પરિચય બેઠક યોજાઈ

**આણંદ |** આણંદના 'શ્રી કમલમ્' કાર્યાલય ખાતે પ્રદેશ સંગઠન મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં નવનિયુક્ત હોદ્દેદારોની મહત્વપૂર્ણ પરિચય બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ પટેલ અને સાંસદ મિતેશભાઈ પટેલ દ્વારા હિતેન્દ્રસિંહનું ભવ્ય સ્વાગત કરી તેમને સરદાર પટેલની પ્રતિમા અર્પણ કરવામાં આવી હતી. બેઠકમાં પક્ષની વિચારધારા અને સંગઠનને પાયાના સ્તર સુધી વધુ મજબૂત બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ મોરચાના હોદ્દેદારો અને પ્રભારીઓની ઉપસ્થિતિમાં આગામી સંગઠનાત્મક કાર્યોની વિસ્તૃત રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.



### એસપી યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા 'સંશોધન પદ્ધતિ' પર વિશિષ્ટ વ્યાખ્યાન યોજાયું

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને એસોસિએટ પ્રોફેસર ડો. વિપુલ શ્રીમાળીના વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. શ્રીમાળીએ સંશોધનની સૈદ્ધાંતિક પદ્ધતિઓ પર ભાર મૂકતા પ્રાચીન અને આધુનિક સંશોધન શૈલી વચ્ચેનો તફાવત વિગતવાર સમજાવ્યો હતો. વ્યાખ્યાન દરમિયાન સંશોધન પ્રપોઝલ, સિનોપ્સિસ અને સંદર્ભ ગ્રંથો જેવી તકનીકી બાબતોની સાથે વિષય પસંદગી અને તેની સામાજિક ઉપયોગિતા અંગે પણ માર્ગદર્શન અપાયું હતું.



### ચારુસેટના ત્રણ વિદ્યાર્થીઓ 'ઇન્ડિયા AI સમિટ 2026'માં દેશના ટોચના 2% ફાઇનલિસ્ટમાં ઝળક્યા



**આણંદ |** ભારત સરકાર આયોજિત 'ઇન્ડિયા AI સમિટ 2026'માં દેશભરની 15 હજારથી વધુ ટીમોમાંથી ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના ત્રણ વિદ્યાર્થીઓએ ટોચના 2 ટકા સ્પર્ધકોમાં સ્થાન મેળવી સિદ્ધિ હાંસલ કરી છે. અંશુ ત્રિવેદી, હૃદય પટેલ અને જુગલ લછવાણીએ સાયબર સુરક્ષા માટે 'સ્કેમર્સને જ સ્કેમ કરવા' માટે અત્યાધુનિક AI-સંચાલિત રિયલ-ટાઇમ સ્પામ ડિટેક્શન અને ઇન્ટેલિજન્ટ હનીપોટ સિસ્ટમ વિકસાવી છે. આ વિદ્યાર્થીઓએ છેતરપિંડી કરનારાઓના યુપીઆઈ આઈ અને બેંક વિગતો ટ્રેક કરી ડિજિટલ નાણાકીય સુરક્ષા મજબૂત કરવાનો નવીન અભિગમ રજૂ કર્યો હતો. આ ગૌરવવંતી રાષ્ટ્રીય સિદ્ધિ બદલ ચારુસેટના પ્રમુખ સુરેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

### કરમસદની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. દિપેશ શાહને શ્રદ્ધાંજલિ

**આણંદ |** શિકાગોની નોર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે સેવા આપતા અને 1995ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો. દિપેશ શાહનું 48 વર્ષની વયે નિધન થતા તબીબી જગતમાં શોકની લાગણી પ્રસરી છે. આ અંગે કોલેજ ખાતે પ્રાર્થના સભા યોજાઇ હતી. જેમાં ચારુતર આરોગ્ય મંડળના હોદ્દેદારો, ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓએ મૌન પાળી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ડો. શાહ અને તેમના પત્ની ડો. શીતલ શાહે સંસ્થા પ્રત્યેના લગાવને કારણે મેડિકલ કોલેજના સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ બ્લોકના નિર્માણ માટે આર્થિક યોગદાન આપ્યું હતું.



### કપડવંજના ગડદાલાટમાં પુણ્યતિથિ નિમિત્તે પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન અપાયું



**કપડવંજ |** તાલુકાના ગડદાલાટ ગામના રહીશ સ્વ. અશ્વિનભાઈ ચુનીભાઈ પટેલની છઠ્ઠી પુણ્યતિથિ પ્રસંગે સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. તેમની અમેરિકા સ્થિત પુત્રી મનીષાબેન પટેલ તરફથી ખાડિયા અને ગડદાનામુવાડા પ્રાથમિક શાળાના બાળકો તેમજ ગ્રામજનો માટે તિથિ ભોજનનું આયોજન કરાયું હતું. આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અને આયોજન તેમના વતી રાજુભાઈ ડાહ્યાભાઈ તેમજ જીગરકુમાર રાજુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરોપકારી કાર્ય દ્વારા શાળાના બાળકોને ભોજન પીરસીને અનોખી રીતે અંજલિ આપવામાં આવી હતી.

